## તંત્રી સ્થાનેથી......

રાજ્ય સરકારે કુપોષણમુક્ત ગુજરાતની નેમ સાથે આંગણવાડીના બાળકો, સગર્ભા-ધાત્રી માતા અને કિશોરીઓને પોષણક્ષમ પૂરક આહાર પૂરો પાડવા માટે ગુજરાત રાજ્ય મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના સહયોગથી ટેક હોમ રાશન યોજના અમલી બનાવી છે. આ યોજનામાં બાલશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણાશક્તિના નામથી પૂરક પોષક આહાર તૈયાર કરવામાં આવે છે, જેમાં ઘઉં, બેસન, સોયાબીન લોટ, ખાંડ, તેલ, મકાઈ, ચોખા અને વધારાના પોષકતત્વોનો સમાવેશ થાય છે. આ તત્વોમાંથી શીરો, સુખડી, રાબ, લાડુ જેવી ૩૦ પ્રકારની પોષક વાનગીઓ બનાવી શકાય છે. રાજ્ય સરકાર દ્વારા 'સુપોષણયુક્ત ગુજરાત'નો સંકલ્પ સિદ્ધ કરવા માટે આઈસીડીએસ (સંકલિત બાળ વિકાસ યોજના) હેઠળ કાર્યરત 'પૂર્ણાશક્તિ યોજના' અંતર્ગત કિશોરીઓને ફૂડ પેકેટની સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ ચોર્યાસી તાલુકાના ગંગધરા ગામે રહેતા ટ્વિંકલબેનને પુરક પોષણયુક્ત આહાર મળી રહ્યો છે. ગંગાધરા ગામના ટીબલિયા ફળિયામાં રહેતા ૧૮ વર્ષીય ટ્વિંકલબેન પરેશભાઈ ઢોડિયા ધો.૧૨માં અભ્યાસ કરે છે. તેઓ જણાવે છે કે, હું સામાન્ય પરિવારથી આવું છું, ત્યારે મારા માટે બજારમાં મળતો મોંઘો પોષકઆહાર કે સામગ્રી ખરીદવા શક્ય નથી. એવા સમયે આ વિસ્તારની આંગણવાડી તરફથી સરકારની પૂર્ણાશકિત યોજનાની માહિતી મળતા નામ નોંધાવ્યું હતું અને નિયત સમયમાં જ તેનો લાભ પણ મળતો થયો છે. યોજના અંતર્ગત મળતા પૌષ્ટિક લોટની ગુણવત્તા પણ ઉત્તમ કક્ષાની હોય છે, જેના થકી અમે ઘરે શીરો, ઉપમા શાક વગેરે વાનગીઓ બનાવીએ છીએ. આ વાનગીઓમાંથી આયર્ન અને પ્રોટીન મળે છે અને સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. તેમણે વધુંમાં જણાવ્યું હતું કે, ગંગાધરા કારેલી-૪ આંગણવાડીના કાર્યકર બહેનો દ્વારા દર મંગળવારે અમને પુર્ણા શકિતના પેકેટમાંથી બનતી વાનગીઓ શીખવવામાં આવે છે, ઉપરાંત આંગણવાડીમાં નિબંધ લેખન, વકતૃત્વ, વાંચન સ્પર્ધા યોજવામાં આવે છે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બહેનોને સેનેટરી પેડસનું વિતરણ કરી તેના ઉપયોગથી થતા લાભો વિશે સમજાવવામાં આવે છે. ટ્વિંકલબેન કહે છે કે, સરકારની અન્ય યોજનામાં મારા પરિવારે ઉજ્જવલા યોજનાનો લાભ લીધો છે. તેમજ ઈ-શ્રમ કાર્ડ તથા આયુષ્યમાન કાર્ડ પણ કઢાવ્યા છે. મારા પરિવારજનોમાં કોઈ ગંભીર બીમારીમાં સપડાય અને હોસ્પિટલમાં દાખલ કરવાની નોબત આવશે તો આયુષ્યમાન કાર્ડ સંકટ સમયની સાંકળ બનશે. રાજ્ય સરકારે મહિલાલક્ષી અનેકવિધ યોજનાઓ શરૂ કરી છે જે મારા જેવી અનેક દિકરીઓને સહાયરૂપ બની છે. સરકાર દ્વારા પૂર્ણા યોજનામાં મળતા આહાર બદલ હું રાજ્ય સરકારનો હૃદયપૂર્વક અભાર માનું છું એવું તેમણે ઉમેર્યું હતું.

## મોટાપોંઢાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પર્યાવરણ જાગૃત્તિ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

### પ્રદૂષણ સામે જંગલો આપણુ રક્ષણ કરતા હોય સામુદાયિક વારસાનું જતન ખૂબ જરૂરી: નિલમ પટેલ



કમલમ્ ન્યુઝ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના મોટાપોંઢા ખાતે આવેલી શ્રી મુમ્બાદેવી આટર્સ એન્ડ શ્રીમતી એસ.આર. ચમારીયા કોમર્સ કોલેજમાં 'પર્યાવરણ જાગૃતિ અભિયાન' અંતર્ગત ધરમપુર તાલુકાના ખોબા ગામ સ્થિત લોકમંગલમ ચેરીટેબલ ટ્રસ્ટના ફાઉન્ડર ટ્રસ્ટી નિલમભાઈ પટેલનું વકતવ્ય યોજાયું હતું. જળ, જમીન અને જંગલ'ને ધ્યાનમાં લઇ વિવિધ ઉદાહરણો થકી યુવાપેઢી સમક્ષ નિલમભાઈ પટેલે પ્રેરક વકતવ્ય આપતા જણાવ્યું કે, જળ, જંગલ અને જમીન એ આપણો સામુદાયિક વારસો છે. જેનું જતન કરવુ ખૂબ જ જરૂરી છે. જંગલો રહેશે તો જમીનનું ધોવાણ અટકશે. આપણા ધરમપુર અને કપરાડામાં ૧૦૦ થી ૧૨૫ ઈંચ વરસાદ પડે છે, વૃક્ષો હશે તો વરસાદનું પાણી મૂળિયા થકી જમીનમાં ઉતરશે જેથી જમીનમાં ભેજ રહેશે અને ખેતીના પાકોમાં લાભ મળશે. જંગલો નાશ પામતા અટકાવવા માટે નવી પેઢીએ જંગલ સંવર્ધનનું કામ કરવુ જોઈએ. આપણા સામુદાયિક વારસાનો ખપપૂરતો ઉપયોગ કરવો જોઈએ જેથી નવી પેઢીને પણ આ સામુદાયિક વારસાનો લાભ મળી શકે. જો આપણે પર્યાવરણનું જતન નહી કરીશુ તો કુદરતી સંતુલામાં હસ્તક્ષેપ કહેવાશે. પ્રદૂષણ સામે વર્ષોથી જંગલો આપણુ રક્ષણ કરી રહ્યા છે તેમના થકી જ કાર્બન અને અન્ય ઝેરી હવા સામે રક્ષણ મળે છે. જો આપણે સમય સર નહિ જાગીએ તો કલાયમેન્ટ ચેન્જની અસર વર્તાશે હવે જાગૃત થઈ જળ, જંગલ અને જમીનનું જતન કરવાની જવાબદારી ગ્રામજનોની સાથે સાથે શહેરીજનોની પણ એટલી જ છે. અને એટલે જ હવે દેશના યુવાધને પણ પર્યાવરણને બચાવી લેવા માટે ઝૂંબેશ ઉપાડી લેવી જોઈએ. આ કાર્યક્રમ દરમિયાન સંસ્થાના પ્રમુખ કેતનભાઈ પટેલ અને ઈન્ચાર્જ આચાર્ય ડૉ. એસ. યુ. પટેલના માર્ગદર્શન હેઠળ ચર્ચાસભાના અધ્યક્ષ ડૉ. આશા ગોહિલ તથા પ્રા. વી. એન. દેસાઈ દ્વારા આયોજિત આ કાર્યક્રમનું સંચાલન ડૉ. આશા ગોહિલે કર્યું હતું. ઈન્ચાર્જ પ્રિ. ડૉ. એસ. યુ. પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. કોલેજ પરિવારમાંથી પ્રા. આર. એલ. પટેલ, પ્રા. એ. જે. ઠાકોર, પ્રા. ડૉ. એસ. એન. પટેલ ઊપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં માટે વિદ્યાર્થીઓ તથા રાજુભાઈ સોલંકી તથા નર્મદાબેન પટેલે જહેમત ઉઠાવી હતી.

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અંધાડી દ્વારા રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવી




કમલમ્ ન્યુઝ

રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણીના ભાગ રૂપે ગળતેશ્વરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અંઘાડી દ્વારા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ આર.એસ.પટેલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અંઘાડીના મેડીકલ ઓફિસર ડો. ભાવિકા રોહિતના માર્ગદર્શન હેઠળ અંઘાડીના વિસ્તારની તમામ સરકારી તેમજ ખાનગી શાળાઓ, આંગણવાડી કેન્દ્રોમાં તેમજ ફિલ્ડ લેવલે આરોગ્ય કર્મચારીઓ, એફ આશા તથા આશા વર્કર દ્વારા ૧ વર્ષથી ૧૯ વર્ષ સુધીના તમામ બાળકોને કૃમિનાશક સીરપ અને ટેબ્લેટ આલ્બેન્ડાઝોલનુ વિતરણ કરવામાં આવ્યું.

## "હવે મારો દિકરો ખૂબ પ્રગતિ કરી શકશે" : માર્કન્ડ પારેખ

### RTE અંતર્ગત સામાન્ય પરિવારના દિકરા અમરીષને મળ્યું આણંદની શ્રેષ્ઠ સ્કુલમાં એડમીશન







કમલમ્ ન્યુઝ આણંદ,

જે શાળામાં પ્રથમ વર્ષની એટલે કે, પહેલા ધોરણની ફી ૫૫ હજાર રૂપિયા જેટલી હોય, જયાં ડોકટર, એન્જીનીયર અને મોટા ઉદ્યોગકારોના પરીવારના બાળકો અભ્યાસ કરતાં હોય તે શાળામાં તેમની સાથે એક જ પાટલીએ બેસીને સામાન્ય પરીવારનો દિકરો કોઈપણ જાતની ફી વગર સારામાં સારૂ શિક્ષણ મેળવતો હોય આવું શક્ય છે ? હા, આ ગુજરાતમાં શક્ય છે. રાજયનું પ્રત્યેક બાળક ભણે, અને તેને સારામાં સારૂં શિક્ષણ મળે એ માટે ગુજરાતમાં છેલ્લા બે દસક કરતાં વધુ સમયથી અભિનવ કાર્યો હાથ ધરાયા છે. આ માટે ગરીબ - મધ્યમ પરિવારના બાળકો ખાનગી શાળામાં કોઈપણ જાતની ફી ભર્યા વગર વિનામૂલ્યે સારામાં સારૂં શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે સમગ્ર દેશની સાથે ગુજરાતમાં પણ "રાઈટ ટુ એજયુકેશન એકટ" (RTE) અમલી બનાવવામાં આવ્યો છે. જેના કારણે ગુજરાતના ગરીબ - મધ્યમ વર્ગના અનેક બાળકો ખાનગી શાળાઓમાં એડમીશન મેળવી વિનામૂલ્યે શિક્ષણનો લાભ મેળવી રહયા છે. આ તમામ બાળકોના શિક્ષણની ફી રાજય સરકાર ચૂકવી રહી છે. ગુજરાતમાં RTE એટલે કે, "રાઈટ ટુ એજયુકેશન એકટ" ના નક્કર અમલીકરણના કારણે મળેલા પરિણામની આજે વાત કરવી છે. આ વાત છે, સરદાર સાહેબની સ્મૃતિ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા આણંદ જિલ્લાની.... "તમારા દિકરા અમરીષ પારેખનો આનંદાલય સ્કુલમાં પહેલા ધોરણમાં એડમીશન મળ્યુ છે. આ સમાચાર સાંભળતા જ હું અને મારા પત્ની બન્ને બહું રડયાં હતા, કેમ કે, આ સ્કુલનું લેવલ જ એટલું ઉંચુ છે કે, તેમાં એડમીશન મળવું શક્ય જ નથી. આ સ્કુલમાં આણંદ - વિદ્યાનગર અને આજુબાજુના વિસ્તારમાં રહેતા ડોકટર, એન્જીનીયર અને મોટી - મોટી ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા પરીવારના બાળકો જ ભણે છે, અને એમાં મારા દિકરાને સરકારના ઈ્ઈ અન્વયે એડમીશન મળશે એવું અમે કયારેયસ્વપ્નેપ્રવિચાર્યુંનહોતુ." આણંદ જિલ્લાના વિદ્યાનગર ખાતે રહેતા અને એ.ટી.એમ. મશીન મેન્ટેનન્સના કામ સાથે સંકળાયેલા માર્કન્ડ પારેખ "રાઈટ ટુ એજયુકેશન એકટ" અંતર્ગત તેમના દિકરાને આણંદને શ્રેષ્ઠ સ્કુલો પૈકીની એક એવી આનંદાલય સ્કુલમાં મળેલ એડમીશનની વાત કહેતા ગળગળા બની જાય છે, આ વાત કહેતા જ માર્કન્ડભાઈની આંખો હરખના અશ્રુથી ભરાઈ જાય છે. માર્કન્ડભાઈના દિકરાને આનંદાલયમાં એડમીશન મળ્યું ત્યારે શરૂઆતમાં તેમને થોડો ડર હતો કે ત્યાં તેમના દીકરાને કેવી રીતે સાચવશે ? પરંતુ તેમના દિકરાને એડમીશન મળ્યા પછી તેમણે જોયું કે, એ શાળામાં ભણવા આવતા અન્ય છોકરા અને તેમના દિકરામાં કયારેય ભેદભાવ રાખવામાં આવતો નહતો. એટલું જ નહી પરંતુ જે ખોરાક સ્કુલના અન્ય છોકરાઓ ખાય એ જ ખોરાક તેમની સાથે એક જ પાટલીએ બેસીને તેમનો દિકરો પણ જમે છે. આ વાતને આગળ ધપાવતા માર્કન્ડભાઈએ સગૌરવ કહે છે કે, મારો દિકરો હોશિયાર છે, પરંતુ મારી આર્થિક સ્થિતિ એવી નહોતી કે હું એને આવી સારી સ્કુલમાં ભણાવી શકુ. પણ સરકારની આ યોજનાના કારણે મારા દિકરાને આટલી સારી સ્કુલમાં એડમીશન મળ્યું. અને તેના કારણે હવે તે ખૂબ પ્રગતિ કરી શકશે. રાઈટ ટુ એજયુકેશન એકટના કારણે મારા દિકરાને જે સ્કુલમાં એડમીશન મળ્યું છે. તે સ્કુલની એક વર્ષની ફી જ ૫૫ હજાર રૂપિયા જેટલી છે. પરંતુ મારા દિકરાની ફિ સરકાર ભરે છે. એટલે મારે ફિ પેટે એકપણ રૂપિયો આપવો પડતો નથી. એટલું જ નહી પરંતુ અમારા દિકરાને ઈ્ઈ અંતર્ગત એડમીશન મળ્યું ત્યારથી થોડા - થોડા સમયે મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાંથી પણ મને ફોન કરી પૂછવામાં આવે છે કે, તમારા દિકરાને ઈ્ઈ અંતર્ગત એડમીનશન મળ્યું છે તો કોઈ તકલીફ તો નથીને ? તેમ જણાવતા તેઓ વધુમાં ઉમેરે છે કે, અમારા જેવા પરિવારના દિકરાને ભણાવવા માટે આ સરકાર આટલી બધી દરકાર રાખી રહી છે, એ બદલ હું મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત સરકારનો ખૂબ આભાર માનું છું. આનંદાલય શાળાના ઈન્ચાર્જ પ્રિન્સીપાલશ્રી તેજસ દેસાઈ તેમની શાળામાં ઈ્ઈ હેઠળ પ્રવેશ મેળવેલ બાળકો અને તેમની શૈક્ષણિક પ્રગતિની વાત કરતાં કહે છે કે, અમારી શાળામાં ૨૦૧૭-૧૮ના વર્ષથી રાઈટ ટુ એજયુકેશન એકટ અન્વયે બાળકોને પ્રવેશ આપવામાં આવી રહયો છે. આજની તારીખે ઈ્ઈ હેઠળ ૯૫ જેટલા બાળકો અમારી શાળાના વિવિધ વર્ગોમાં અભ્યાસ કરી રહયાં છે. દર વર્ષે અમારી શાળામાં લગભગ ૨૦ થી ૨૫ જેટલા બાળકો સરકાર તરફથી ફાળવવામાં આવે છે. આ બાળકોને સરકારના ઈ્ઈ અન્વયે સમાન શિક્ષણની તક પ્રાપ્ત થાય અને શાળામાં અભ્યાસ કરતાં અન્ય બાળકોની સાથે ભેગા મળી તેઓ શિક્ષણની સાથે ઈતર પ્રવૃત્તિમાં પણ ભાગ લે તે પ્રકારનું કાર્ય આ શાળા પરિવાર દ્વારા વાલીઓના સહયોગથી કરવામાં આવી રહયું છે. તેના કારણે અમારી શાળામાં અભ્યાસ કરતાં બાળકો અને RTE અંતર્ગત પ્રવેશ મેળવેલા બાળકોનો સમાન – સમતોલ વિકાસ થઈ રહયો છે. નોંધનીય છે કે, છેલ્લા બે દાયકામાં આણંદમાં મોડર્ન એરાના માપદંડોને અનુરૂપ શિક્ષણની તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ બની છે. જેના કારણે આ જિલ્લામાં ગુજરાતના અન્ય જિલ્લાઓ ઉપરાંત અન્ય રાજયો અને વિદેશથી પણ વિદ્યાર્થીઓ ભણવા, ઉચ્ચ શિક્ષણ મેળવવા આવે છે. આવા વિદ્યાના ધામ એવા આણંદ જિલ્લામાં વસતા મધ્યમ – ગરીબ પરિવારના બાળકો પણ સારામાં સારૂં શિક્ષણ મેળવી શકે તે માટે તેમને અન્ય આર્થિક રીતે સક્ષમ પરિવારના બાળકો જે ખાનગી શાળામાં મોંઘી ફી ભરીને અભ્યાસ કરતાં હોય તે શાળામાં અભ્યાસ કરવાની તક પ્રાપ્ત થઈ રહી છે. જે સરકારની પ્રત્યેક બાળકના સર્વાંગીણ વિકાસ માટે તેમને સમાન - સમતોલ અને સુ-સંસ્કારિત શિક્ષણ મળી રહે તે માટેની વિભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે.

## વલસાડ જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા સુખાલામાં ત્રીજો આયુષ મેળો યોજાયો



કમલમ્ ન્યુઝ

આયુર્વેદના ૪૫૩ અને હોમીયોપેથીના ૩૭૬ દર્દીઓએ લાભ લીધો આઝાદી કા અમૃત મહોત્સવ તેમજ હર દિન હર ઘર આયુર્વેદ અભિયાન અંતર્ગત ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર તેમજ વલસાડ જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા કપરાડા તાલુકાના સુખાલા ગામમાં સાંઇ ગાર્ડનના પ્રાગણમાં ત્રીજા આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમના અધ્યક્ષ પદેથી ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું કે, આયુર્વેદ એટલે પહેલાના સમયમાં રાજા મહારાજાઓ જે દવાનો ઉપયોગ કરતા હતા તે આયુર્વેદ જ હતી. આયુર્વેદ અને હોમિયોપેથીની અસર ધીમે થાય છે પણ એનાથી કોઈ આડઅસર થતી નથી. જિલ્લા આયુર્વેદ અધિકારી મનહરભાઈ ચૌધરીએ આયુષની કામગીરી અને વિશેષ માહિતી આપી હતી. મહેમાનો દ્વારા ઓર્ગેનિક ખેતી અને આયુષ પધ્ધતિ અપનાવવા અનુરોધ કરાયો હતો. આયુષ મેળામાં આયુર્વેદિક અને હોમીયોપેથીક નિદાન સારવાર કેમ્પ, અગ્નિકર્મ, મર્મ ચિકિત્સા, પંચકર્મ ચિકિત્સા, દિનચર્યા, ઋતુચર્યા, આયુષ પ્રદર્શની, યોગ નિદર્શન, પ્રકૃતિ પરીક્ષણ, પુસ્તક પ્રદર્શન, સુવર્ણપ્રાશન, વાનગી પ્રદર્શન, વનસ્પતિ પ્રદર્શન, રસોડા ઔષધિ પ્રદર્શન, આયુર્વેદ ઉકાળા વિતરણ તેમજ હોમીયોપેથી આર્સેનીક આલ્બમનું વિતરણ કરવામાં આવ્યુ હતું. મહેમાનો દ્વારા બલુન ફલાય દ્વારા મેળાને ખુલ્લો મુકવામાં આવ્યો. આયુર્વેદ સેલ્ફી પોઈન્ટ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આયુર્વેદના ૪૫૩ અને હોમીયોપેથીના ૩૭૬ દર્દીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે કપરાડા તાલુકા પંચાયતના પ્રમુખ મોહનભાઈ ગરેલ, પારડી તાલુકા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ આહિર, કપરાડા તાલુકા પંચાયત ન્યાય સમિતી અધ્યક્ષ વિજયભાઈ રોહિત, સુખાલાના સરપંચ શંકરભાઈ પટેલ, ઉપસરપંચ સુનિલભાઈ જાદવ, વાડવજના સરપંચ નરેશભાઈ પટેલ, ગ્રામ પંચાયત સભ્ય દિનેશભાઈ પટેલ, માજી જીલ્લા પંચાયત પ્રમુખ અને સાંઈધામ સંસ્થાના વડા પ્રકાશભાઈ પટેલે હાજરી આપી હતી. અતિથીઓનું સ્વાગત પુષ્પગુચ્છ, તુલસીના ઔષધિય છોડ અને ઉપચાર કિટ આપી કરવામાં આવ્યુ હતું, સમગ્ર કાર્યક્રમનું સંચાલન વૈધ દિવ્યા સોલંકીએ કર્યુ હતું. આભારવિધિ વૈધ સ્વાતિ પંચાલે કરી હતી. કેમ્પને સફળ બનાવવા માટે વૈધ હેમીલ પટેલ, વૈધ પિયુષ પટેલ, જીતેંન્દ્ર દેસાઈ, કેતન વ્યાસ તેમજ ટીમ આયુષ વલસાડે ખુબ જ જહેમત ઉઠાવી હતી.

## લક્ષ્મી વિદ્યાપીઠ સરીગામ દ્વારા આયોજિત "દે ઘુમાકે - ૨૦૨૩" આંતર શાળા ક્રિકેટ પ્રતિયોગિતા સંપન્ના




કમલમ્ ન્યુઝ

લક્ષ્મી વિદ્યાપીઠ સરીગામ દ્વારા આયોજિત "દે ઘુમાકે -૨૦૨૩" આંતર શાળા ક્રિકેટ પ્રતિયોગિતા સંપન્ન સરીગામ ખાતે આવેલ લક્ષ્મી વિદ્યાપીઠ દ્વારા લક્ષ્મી ડાઈમંડનાં ૫૦ વર્ષ અને ગજેરા ટ્રસ્ટનાં ૩૦ વર્ષ પૂરા થવાના ઉપલક્ષે "દે ઘુમાકે-૨૦૨૩" આંતરશાળા ક્રિકેટ પ્રતિયોગિતાનો પ્રારંભ ચુનીભાઈ ગજેરાના હસ્તે તારીખ ૦૧-૦૨-૨૦૨૩ ના રોજ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત વલસાડ જિલ્લાની ૨૪ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો. એક સપ્તાહથી અવિરત ચાલતી પ્રતિયોગિતા દરમિયાન જાદી રાણા હાઈસ્કૂલ ઘીમાડીયા, બી.એસ.પટેલ પ્રાયમરી સ્કૂલ બીલીમોરા, શ્રી માછી મહાજન ઇંગલિશ સ્કૂલ નાની દમણ, તેમજ સર્વોદય હાઈસ્કૂલ, સેગવીની ટીમો સેમિફાઇનલમાં આવી હતી. કુલ ૧૮ નોક આઉટ મેચના અંતે સેમી ફાઈનલમાં સ્થાન મેળવેલ ઉપરોક્ત શાળાઓની ટીમ વચ્ચે આજરોજ ફાઈનલ પ્રતિયોગિતામાં ટીમ સ્પિરિટ અને ટીમવર્કનું આબેહૂબ પ્રદર્શન જોવા મળ્યું હતું. તા. ૮ ફેબ્રુઆરીના રોજ લક્ષ્મી વિદ્યાપીઠ ખાતે થયેલ ફાઈનલ પ્રતિયોગિતા શ્રી માછી મહાજન અંગ્રેજી માધ્યમ શાળા અને સર્વોદય હાઈસ્કૂલ ,સેગવીની ટીમો વચ્ચે રમાઈ હતી જેમાં સર્વોદય હાઈસ્કૂલ વિજેતા બની હતી. વિજેતાઓને લક્ષ્મી વિદ્યાપીઠના શ્રી આર. એન. ગોહિલ, ડો. બાસવરાજ પાટીલ, ડો. ગંગાધર હુંગર અને શ્રી અમ્રત પટેલના હસ્તે ટ્રોફી તેમજ પુરષ્કારની રકમ રૂ ૨૫૦૦૦ તેમજ શ્રી માછી મહાજન ઇંગલિશ સ્કૂલ દમણની રનર ટીમને ટ્રોફી તેમજ પુરષ્કાર રૂ. ૧૦૦૦૦ એનાયત કરવામાં આવ્યા હતા. તદ્ઉપરાંત, પ્રતિયોગિતા અંતર્ગત સર્વોદય હાઈસ્કૂલના ખેલાડી નિખિલ નાયકાને ૪ વિકેટ ૩૭ રન કરેલ હોય મેન ઓફ ધી મેચ, પ્લેયર ઓફ ધ સિરીઝ તેમજ કુલ ૧૧ વિકેટ માટે બેસ્ટ બોલર અને શ્રી માછી મહાજન સ્કૂલના વાડવેકર ધીર ને કુલ ૧૦૯ રન માટે બેસ્ટ બેટ્સમેન જાહેર કરી સ્મૃતિ ચિહનથી નવાજવામાં આવેલ હતા. આંતર શાળા "દે ઘુમાકે - ૨૦૨૩" ક્રિકેટ સ્પર્ધાના સફળ આયોજન બદલ ડાયરેકટર શ્રીએ આયોજક પ્રોફ. શ્રી પરીક્ષિત પટેલ હેડ મિકેનિકેલ બ્રાન્ચ, સહ આયોજક કેવિન ભંડારી તેમજ સ્ટાફ પરિવાર, વોલ્યૂન્ટીઅર વિધાર્થીઓ, પ્રતિયોગિતામાં આવેલ શાળાના કો-ઓર્ડીનેટર શિક્ષકોનો, સ્પર્ધક ટીમોનો આભાર વ્યક્ત કરી વિજેતા ટીમને અને દરેક ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા તેમજ તેઓની સ્પોર્ટ્સમેન સ્પિરિટ અને સુંદર પ્રદર્શન માટે પ્રશંસા કરી હતી.

## ચિત્રાખાડી ખાતે ખેડૂતમિત્રોને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરવા યોજાયો



કમલમ્ ન્યુઝ

તિલકવાડા તાલુકાના ચિત્રાખાડી ખાતે નર્મદા જિલ્લા ખેતીવાડી અધિકારી અને તિલકવાડાના પ્રાકૃતિક ખેતીના નોડલ અધિકારીશ્રી વિનોદભાઈ પટેલની ઉપસ્થિતિમાં ખેડૂતમિત્રોને પ્રાકૃતિક ખેતીના મહત્વ સમજાવી પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવાના ઉમદા આશયથી "ખેડૂતમિત્ર" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. "આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઉજવણી પ્રસંગે નર્મદા જિલ્લામાં ખેડૂતો સાથે સંવાદ કરીને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેને અનુલક્ષીને તિલકવાડા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી પટેલે સંવાદમાં ઉપસ્થિત ખેડૂતમિત્રોને જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી ખેડૂતો અને ખેતીના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ છે. વધુમાં શ્રી પટેલે પ્રાકૃતિક ખેતીના ફાયદાઓથી અવગત કરાવીને ખેડૂતમિત્રોને પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. નર્મદા જિલ્લાની તમામ ગામ પંચાયત દીઠ ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરીને જિલ્લામાં પ્રાકૃતિક ખેતી અપનાવી તેનો વ્યાપ વધારવા, ગુણવત્તાયુક્ત ઉત્પાદન કરવાની સાથે સ્વાસ્થ્યને તંદુરસ્ત બનાવવાના ઉદ્દેશ્ય સાથે જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાના માર્ગદર્શન હેઠળ આત્માપ્રોજેક્ટના ડાયરેક્ટરશ્રી ડી.કે. શિનોરા અને તેમની સંપૂર્ણ ટીમ સરાહનીય કામગીરી કરી રહી છે.

## વાંસદા તાલુકાના સતીમાળ ગામે નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રાકૃતિક ખેતી જાગૃતતા શિબિર યોજાઈ



કમલમ્ ન્યુઝ

વાંસદા તાલુકાના સતીમાળ ગામે નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રાકૃતિક ખેતી જાગૃતતા શિબિર યોજાઈ આંતરરાષ્ટ્રીય કઠોળ દિવસની ઉજવણી, હલકા ધાન્ય પાકો વર્ષ-૨૦૨૩ ની ઉજવણી અને પ્રાકૃતિક ખેતીની જાગૃતતા શિબિર વાંસદા તાલુકાના સતીમાળ ખાતે યોજાઈ હતી. આ પ્રસંગે વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.એમ.ચૌહાણે જણાવ્યું હતું કે, આદિવાસી વિસ્તારમાં પહેલા થતા હલકા ધાન્ય પાકોનું મહત્વ, પોષણ, મુલ્ય અને આ પાકોમાં નહિવત માત્રામાં રસાયણનો ઉપયોગ થતો હોવાથી ખૂબ જ સરળતાથી પ્રાકૃતિક ખેતીમાં સમાવેશ કરી જીવામૃત અને દર્શપર્ણીના ઉપયોગ થકી પ્રાકૃતિક ખેતી તરફ વળવા સૌને આગ્રહ કર્યો હતો. શિબિરમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક ડો.કે.એ.શાહે જણાવ્યું હતું કે, કઠોળ પાકોના વિસ્તાર અને ઉત્પાદકતા વધે તે હેતુથી યુનિવર્સિટી દ્વારા સંશોધન કરવામાં આવે છે. જેમાં કઠોળ પાકો જેવા કે તુવેર, મગ, અડદ, પાપડી, વાલ વગેરે હલકા ધાન્ય પાકો જેવા કે નાગલી, વરી, બંટો, ગોદરી, બાવટો અને રાજગરો વગેરે પાકોની નવીનતમ જાતો અને તેની વૈજ્ઞાનિક ખેતી વિશેની જાણકારી પૂરી પાડી હતી. વસુધરા ડેરીના ચેરમેન શ્રી ગમનભાઈ પટેલે ખેતી અને પશુપાલનને એકબીજાના પુરક વ્યવસાય ગણાવીને સ્વચ્છ દૂધ ઉત્પાદન અને કોઠાસૂઝ સાથે વૈજ્ઞાનિક ઢબે ખેતી, બાગાયતી અને શાકભાજી પાકો કરવા ખેડૂતોને માહિતી પૂરી પાડી હતી. આ પ્રસંગે જી.જી.આર.સી.ના તુષારભાઈએ ખેતી પાકોમાં પાણીનું મહત્વ અને પાણીના કરકસરપૂર્વક ઉપયોગ માટે સુક્ષ્મપિયત પધ્ધતિ અપનાવવા માટે ખેડૂતોને સરકાર દ્વારા પ્રોત્સાહિક કરવામાં આવતી સરકારની વિવિધ યોજના વિશે માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ અવસરે કુષિ યુનિવર્સિટીની ઓછા ખર્ચની ખેડૂતલક્ષી ટેકનોલોજી જેવી કે જૈવિક ખાતરો, દવાઓ, ફેરોમોન ટ્રેપ અન્ય ટ્રેપ વગેરેનું પ્રદર્શન યોજી ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્યશ્રી અંબાબેન, સતીમાળ ગામના સરપંચશ્રી નાનુભાઈ સહિત મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

## ભૂલી પડેલી પારડીની માનસિક અસ્થિર યુવતીનું ૧૮૧ અભયમ ટીમે પરિવાર સાથે પુન: મિલન કરાવ્યુ



કમલમ્ ન્યુઝ

યુવતીને કંઈ યાદ ન હોવાથી જે પણ ગામડાના નામ આપ્યા તે ગામોમાં ૧૮૧એ તપાસ કરી પરિવારની ભાળ મેળવી વલસાડ જિલ્લામાં મહિલાઓની સુરક્ષા કાજે ૨૪ કલાક અવિરતપણે કાર્યરત ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન ટીમે ભૂલી પડેલી પારડી તાલુકાની માનસિક અસ્થિર યુવતીને ઘરે પહોંચાડીને પરિવાર સાથે મિલાપ કરાવ્યો હતો. વલસાડ જિલ્લાના પારડી તાલુકાના એક ગામમાંથી એક જાગૃત નાગરિકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન નંબર પર કોલ કરી જણાવ્યું હતું કે, તેમના ગામમાં એક અજાણી અને માનસિક રીતે બીમાર ભૂલી પડી ગયેલી યુવતી છે. જેથી ૧૮૧ અભયમ ટીમ ઘટના સ્થળે પહોંચી ગભરાઈ ગયેલી યુવતી સાથે વાતચીત કરતા તેને કશું યાદ ન હોવાથી તેનો પરિચય અને ઘરનું એડ્રેસ મેળવવું મુશ્કેલ બન્યું હતું. તેવા સંજોગોમા યુવતી સાથે ધીરજપૂર્વક વાતચીત કર્યા બાદ થોડી રાહ જોઈ હિંમત આપી અને કાઉન્સિલિંગ કર્યા બાદ તેણે તેના ગામના આજુબાજુના ઘણા ગામોના નામ આપ્યા હતા જેથી તેણે જણાવેલા ગામના આગેવાનોનો સંપર્ક કરી પૂછપરછ કરતા જાણવા મળ્યું કે, પારડી તાલુકાના એક ગામની યુવતીની માનસિક સ્થિતિ સારી ન હોવાથી આશરે ૩ દિવસ અગાઉ ઘરેથી નીકળી ગઈ છે અને શોધખોળ કર્યા છતાં પણ મળી ન હતી. યુવતીએ જણાવેલા અલગ અલગ નામ અને ગામ મળતું આવતા યુવતીના પરિવાર સાથે સંપર્ક કરી તેમના સરનામા પર પહોંચી યુવતીનો તેમના પરિવાર સાથે પુન: મિલન કરાવ્યું હતું. પરિવાર સાથે વાતચીત કરતા જાણવા મળ્યું હતું કે, ઘણા સમય પહેલા યુવતીની તબિયત અચાનક બગડતા તેની માનસિક સ્થિતિ બગડી ગઈ અને અગાઉ પણ ઘરેથી નીકળી ગઈ હતી અને હાલમાં પણ ત્રણ દિવસથી ઘરે જાણ કર્યા વગર નીકળી ગઈ હતી. ૧૮૧ની ટીમે યુવતીની માનસિક સારવાર કરાવવા માટે અને યોગ્ય કાળજી અને ધ્યાન રાખવા માટે પરિવારને સલાહ આપી હતી. પરિવારજનોએ ૧૮૧ ટીમનો આભાર માન્યો હતો. આમ ભૂલી પડી ગયેલી માનસિક અસ્થિર યુવતીનું કાઉન્સિલિંગ કરી પરિવાર સાથે પુન: મિલન કરાવી વલસાડ ૧૮૧ અભયમ ટીમે સરાહનીય કામગીરી કરી હતી.

